DIVYA BHASKAR, Ahmedabad, 14.8.2019
Page No. 4, Size:(12.83)cms X (11.65)cms.

# બુલેટ ટ્રેન માટે જમીન આપનારા યુવકોને રોજગારલક્ષી ટ્રેનિંગ અપાશે

## ખેડાના 6, આણંદના 26 યુવકોને કોમ્પ્યુટર હાર્ડવેર ટ્રેનિંગ અપાઈ



ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન આપનારા યુવકો પગભર થાય તે માટે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (એનએચએસઆરસીએલ) દ્વારા રૂરલ ડેવલપમેન્ટ એન્ડ સેલ્ફ એમ્પ્લોઈમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (આરયુડીએસઈટી) સાથે મળી રોજગારલક્ષી ટ્રેનિંગ અપાઈ રહી છે. એનએચએસઆરસીએલ તેમને લોન મેળવવામાં પણ મદદ કરશે.

એનએચએસઆરસીએલના અધિકારીએ જણાવ્યું કે, જમીન આપનારા યુવકો આવક મેળવે તે માટે તેમને આરયુડીએસઈટીની મદદથી ફ્યુચર એન્ટરપ્રેન્યોર ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરાયો છે, જેના ભાગરૂપે ખેડાના 6 અને આણંદના 26 યુવકોની પહેલી બેચને કમ્પ્યુટર હાર્ડવેરની ટ્રેનિંગ અપાઈ છે. આગામી દિવસોમાં અન્ય ગામના યુવકો માટે પણ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરાશે. વધુમાં કંપની દ્વારા મોબાઈલ રિપેરિંગ, બ્યુટી પાર્લર, બાઈક રિપેરિંગ સહિત અન્ય ટ્રેનિંગ પ્રોગ્રામ પણ શરૂ કરાશે. ટ્રેનિંગ મેળવનારા યુવકો પોતાનો ધંધો શરૂ કરી શકે તે માટે લોન અપાવવાની સાથે તેમને બે વર્ષ સુધી સહાય પણ આપવામાં આવશે.